YUVA SHAKTI SANGATHAN

Head Office :
Bhilad, Tal. Umargam
Dist. Valsad - 396 105

President : Mitesh V. Patel
Mob. No. : 9913507033
9978403020

Reg. No. : Guj-1535 (1860), F-1579 (1950)

**પ્રતિશ્રી,**

પોલીસ અધિક્ષકશ્રી,

જિલ્લા પોલીસ કચેરી,

વલસાડ - 396001, ગુજરાત

**વિષય :** ઉમરગામ રેલ્વે સ્ટેશન ખાતે મામલતદારશ્રી દ્વારા થયેલ આત્મહત્યા બાબતે નિષ્પક્ષ અને ઉચ્ચ સ્તરીય તપાસ કરી જવાબદાર વ્યક્તિઓ સામે કાયદેસર કાર્યવાહી કરવા બાબત....

**મહોદયશ્રી,**

સવિનય જય ભારત સાથે વિનમ્ર અરજી છે કે, ઉમરગામ તાલુકામાં અત્યંત દુઃખદ અને ચિંતાજનક ઘટના બની છે. જેમાં ઉમરગામના મામલતદારશ્રી,

- નામ: શ્રી દલપતભાઈ છોટુભાઈ બ્રહ્મણકચ્છ
- પદ: મામલતદાર, ઉમરગામ
- કાર્યાલય: મામલતદાર કચેરી, ઉમરગામ

તેમણે તા. **13/04/2026** ના રોજ રાત્રે અંદાજે **11:30 થી 12:00 દરમિયાન** ઉમરગામ રેલ્વે સ્ટેશન ખાતે રેલ્વે ટ્રેક ઉપર માથું મૂકી આત્મહત્યા કરી હોવાનું જાણવા મળેલ છે.

આ ઘટનાએ સમગ્ર તાલુકામાં ભારે ચકચાર મચાવી છે. અખબારમાં પ્રસિદ્ધ થયેલ સમાચાર મુજબ, ઉમરગામ તાલુકાની સરીગામ બેઠક સંબંધિત ચૂંટણી પ્રક્રિયામાં ઊભેલા વિવાદને કારણે પરિસ્થિતિ અત્યંત તંગ બની હતી. ખાસ કરીને, અપક્ષ ઉમેદવાર રાકેશ રાય અને ભાજપ ઉમેદવાર દીપક મિસ્ત્રી વચ્ચે ચાલી રહેલા કાયદાકીય વિવાદ અને ચૂંટણી અધિકારી શ્રી દલપતભાઈ છોટુભાઈ બ્રહ્મણકચ્છ સમક્ષ થયેલ ઉગ્ર દલીલોને કારણે વાતાવરણ ભારે દબાણપૂર્ણ બની ગયું હતું.

લોકચર્ચા મુજબ, ઉપરોક્ત પરિસ્થિતિ અને કાયદાકીય-રાજકીય દબાણના કારણે મામલતદારશ્રી પર ગંભીર માનસિક તણાવ ઊભો થયો હોઈ શકે છે.

**લોકચર્ચા મુજબ એવું પણ જાણવા મળે છે કે ઘટનાના દિવસે મામલતદારશ્રીને અનેક ફોન કૉલ્સ કરવામાં આવ્યા હતા અને કેટલાક પ્રભાવશાળી “ મોટા માથાઓ ” દ્વારા તેમના પર દબાણ લાવવામાં આવ્યું હતું.**

આથી જરૂરી છે કે:

- તમામ **Call Detail Records (CDR)** ની તપાસ કરવામાં આવે

- કોણે ફોન કર્યા અને કયા હેતુસર દબાણ કરવામાં આવ્યું તેની તપાસ થાય

વધુમાં, તા. **13/04/2026 ના રોજ સવારે 10.00 થી રાતે 11.00 દરમિયાન મામલતદાર કચેરીમાં શું ઘટના બની હતી તેની વિગતવાર તપાસ કરવામાં આવે**, અને:

- કચેરીના **CCTV ફૂટેજ તાત્કાલિક જપ્ત કરી તપાસ કરવામાં આવે**
- તે સમય દરમિયાન હાજર રહેલ તમામ વ્યક્તિઓની ઓળખ કરી પૂછપરછ કરવામાં આવે

**ઉપરાંત :**

- મામલતદારશ્રીના **મોબાઈલ ફોન, કોલ રેકોર્ડ, WhatsApp તથા અન્ય ડિજિટલ ડેટા** ની તપાસ કરવામાં આવે
- તેમને દબાણ અથવા હેરાનગતિ કરનાર તમામ ઇસમોની ઓળખ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવે

**મહોદય મામલતદારશ્રી અનુસૂચિત જનજાતિ (આદિવાસી) વર્ગના હતા.** જો તેમને તેમની જાતિ અથવા સામાજિક સ્થિતિને આધારે કોઈ દબાણ, અપમાન કે હેરાનગતિ કરવામાં આવી હોય, તો તે બાબત **SC/ST (Prevention of Atrocities) Act, 1989** હેઠળ ગંભીર ગુનો બને છે. આ દિશામાં પણ કડક તપાસ થવી જરૂરી છે.

જો ઉપરોક્ત બાબતો સાચી સાબિત થાય, તો આ કેસ માત્ર આત્મહત્યા પૂરતો મર્યાદિત નથી રહેતો પરંતુ તેમાં આત્મહત્યાને પ્રેરણા, માનસિક હેરાનગતિ, દબાણ તથા SC/ST Act હેઠળના ગુનાઓનો સમાવેશ થાય છે.

**આપની સમક્ષ માંગણીઓ:**


1. **આ ગંભીર ઘટનાને ધ્યાનમાં લઈ તાત્કાલિક FIR નોંધવામાં આવે.**
2. **સમગ્ર ઘટનાની નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવે.**
3. **તા. 13/04/2026 ના રોજ સવારે 10.00 થી રાતે 11.00 દરમિયાન મામલતદાર કચેરીના CCTV ફૂટેજ જપ્ત કરી તેની તપાસ કરવામાં આવે.**
4. **તે સમય દરમિયાન હાજર રહેલ તમામ વ્યક્તિઓની પૂછપરછ કરવામાં આવે.**
5. **મૃતકના મોબાઈલ, કોલ રેકોર્ડ (CDR) અને ડિજિટલ ડેટા ની તપાસ કરવામાં આવે.**
6. **ફોન દ્વારા દબાણ કરનાર તમામ "મોટા માથાઓ" સહિતના ઇસમોની ઓળખ કરી તેમની સામે કાયદેસર કાર્યવાહી તથા ધરપકડ કરવામાં આવે.**
7. **જો SC/ST Act લાગુ પડે તો તે હેઠળ પણ ગુનો દાખલ કરવામાં આવે.**
8. **જરૂર જણાય તો આ કેસની તપાસ SIT અથવા ઉચ્ચ એજન્સીને સોંપવામાં આવે.**
9. **મૃતકના પરિવારને યોગ્ય ન્યાય અને સુરક્ષા આપવામાં આવે.**

મહોદય એક જવાબદાર સરકારી અધિકારી અને અનુસૂચિત જનજાતિના સભ્ય દ્વારા આ પ્રકારનું પગલું ભરવું અત્યંત ગંભીર બાબત છે. તેથી આ મામલે પારદર્શક, નિષ્પક્ષ અને કડક તપાસ થવી અત્યંત આવશ્યક છે.

સહકારની અપેક્ષા સહ, આભાર.

**તારીખ – 14/04/2026**
વાર – મંગળવાર

**લિ. આપનો વિશ્વાસુ,**



**રવાના નકલ :**

1. પ્રતિ,
   ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ,
   પોલીસ ભવન, સેક્ટર-18,
   ગાંધીનગર - 382018, ગુજરાત રાજ્ય
2. પ્રતિ,
   ઈન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ,
   સાઉથ ઝોન,પોલીસ ભવન, અઠવાગેટ,
   સુરત - 395001, ગુજરાત રાજ્ય
3. પ્રતિ,
   જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રી,
   કલેક્ટર કચેરી, જિલ્લો: વલસાડ - 396001, ગુજરાત રાજ્ય
4. પ્રતિ,
   ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ,
   બ્લોક નં. 10, દ્વિતીય માળ,
   સચિવાલય,ગાંધીનગર - 382010, ગુજરાત રાજ્ય
5. પ્રતિ,
   ગુજરાત સ્ટેટ હ્યુમન રાઈટ્સ કમિશન,
   બ્લોક નં. 14, પ્રથમ માળ,ઉદ્યોગ ભવન,
   ગાંધીનગર - 382011, ગુજરાત રાજ્ય

**બિડાણ - સમાચારમાં આવેલ વિગતો**

**SANDESH**

### કચેરી ખાતે ભારે ભીડને પગલે પોલીસ કાફલો ખડકાયો

# ઉમરગામ પાલિકાની ચૂંટણીમાં ૧૭ ફોર્મ રદ, ૧૦ બેઠક પર ભાજપ બિનહરીફ થશે

ઉમરગામ : ૨૬ એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ઉમરગામ તાલુકામાં રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ફોર્મ ભરવાના અંતિમ દિવસે ભાજપ, કોંગ્રેસ, આપ અને અપક્ષ ઉમેદવારોની દોડધામ બાદ સોમવારે ફોર્મ ચકાસણીના દિવસે ઉમરગામ મામલતદાર ઓફિસ, નગરપાલિકા અને તાલુકા પંચાયત કચેરી ખાતે ઉમેદવારો અને તેમના ટેકેદારોની ભારે ભીડને પગલે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવો પડ્યો હતો.

ઉમરગામ નગરપાલિકાની ચૂંટણીમાં ૭૩ ફોર્મ ભરવામાં આવ્યા હતા, જેમાંથી ૧૭ ફોર્મો રિજેક્ટ થયા હતા. જોકે, રાજકીય પંડિતોના મતે નગરપાલિકાની ૨૮ બેઠકો પૈકી ભાજપ ૧૦ બેઠકો પર બિનહરીફ વિજેતા બને તેવી પૂરેપૂરી શક્યતા છે. જો કે, બુધવારે ફોર્મ ખેંચવાના છેલ્લા દિવસે જ ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે.

### પંચાયતની સરીગામ બેઠક પર 'હાઈ વોલ્ટેજ ડ્રામા': વકીલોના દાવપેચ

ઉમરગામ તાલુકાની સરીગામ બેઠક અત્યારે સમગ્ર પંથકમાં ટોક ઓફ ધ ટાઉન બની છે. યુવા શક્તિ વિકાસ સંગઠનના કેપ્ટન રાકેશ રાય સામે ભાજપના દીપક મિસ્ત્રીએ વાંધો ઉઠાવતા મામલો ગરમાયો હતો. તેમના દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે રાકેશ રાય સામે ક્રિમિનલ કેસમાં સજા થઈ હોવાથી તેઓ ચૂંટણી લડી શકે નહીં. સામે પક્ષે રાકેશ રાયે પણ વકીલોની ફોજ ઉતારી કોર્ટનો ઓર્ડર અને કાયદાકીય દસ્તાવેજ રજૂ કર્યા હતા. ચૂંટણી અધિકારી સમક્ષ બંને પક્ષોએ પોતાની વકીલોની ફોજ ઉતારી કલાકો સુધી દલીલો કરી હતી. અંતે, કાયદાકીય અવલોકન બાદ ચૂંટણી અધિકારી તેમના નંબર ઉપર જે પણ નિર્ણય હશે તેની જાણ કરશે, એવું યુવા શક્તિ વિકાસ સંગઠનના રાકેશ રાયે પત્રકારોને જણાવ્યું હતું.

### મરોલી બેઠક પર પણ વિવાદ, વાંધા રજૂ કરાયા

મરોલી જિલ્લા પંચાયતની બેઠક ઉપર ભાજપના ઉમેદવારની સામે શિક્ષક હોવાથી વાંધો રજૂ કરાયો હતો, જે વાંધાનું ચૂંટણી અધિકારી દ્વારા અવલોકન કરવામાં આવી રહ્યું છે. બીજી બાજુ વાંધો રજૂ કરનાર ઉપર ભાજપના ઉમેદવારે તેઓ હોમગાર્ડની નોકરી કરતા હોય, સરકારી કર્મચારી હોવાથી ચૂંટણીલડી શકતા ન હોવાનો વાંધો રજૂ થયો હતો.

---

14/04/2026

**દક્ષિણ ગુજરાત વર્તમાન**

# ગઈકાલે રાત્રે ઉમરગામ મામલતદારે ટ્રેન નીચે પડતું મૂકી કર્યો આપઘાત




**સરીગામ જિલ્લા પંચાયત પરથી ચૂંટણી લડતા રાકેશ રાયની ઉમેદવારી સામે ભાજપે ઓબ્જેક્શન ઉઠાવતા ગઈકાલે સાંજે મામલતદાર કચેરીમાં બંને પક્ષોએ હાઈકોર્ટના વકીલોની ફોજ ઉતારીને બહુ મોટો ડ્રામા કર્યો હતો. જેમાં રાત્રે 12:00 વાગ્યા પહેલા મામલતદાર એ રાકેશ રાય નું ફોર્મ મંજુર કરવું કે નહીં તે સંબંધે આદેશ જારી કરવાના હતા. સમગ્ર પ્રકરણમાં ચારે તરફના ભારે દબાણ ના ચક્કરમાં તનાવમાં આવેલા મામલતદાર એ મોડી સાંજે કુટુંબીજનોને અલવિદા કહીને ટ્રેન નીચે પડતું મૂક્યું.**